# આપની કલમે

- ડૉ. ભરત ભગત
drbharatbhagat@gmail.com



## ભાલ પ્રદેશના નપાણિયા વિસ્તારમાં સર્વાંગી વિકાસનો પ્રશંસનીય કાર્ય કરતું માહિતી ટ્રસ્ટ



વ્યક્તિ પાસે જો દ્રઢ સંકલ્પ, આત્મવિશ્વાસ અને અથાગ પરિશ્રમ માટેની તૈયારી હોય તો કોઈ સમસ્યા એના વિકાસની આડે આવી શકતી નથી. વ્યક્તિનું ખુદનું શિક્ષણ કે સંજોગો પણ તેમાં અવરોધ પેદા કરી શકતાં નથી. હૈયામાં હામ હોય અને મનમાં ઉમંગ હોય તો નાનામાં નાની વ્યક્તિ પણ ખૂબ મોટું કામ કરી શકે છે. ઈતિહાસમાં એવાં અનેક પાત્રો જોવાં મળે છે કે જેમણે સ્વબળે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભાલ કાંઠા વિસ્તારમાં મહિલાઓના વિકાસનું અનોખુ કાર્ય કરતા દેવુબહેન પંડ્યા પણ એવું એક વ્યક્તિત્વ છે કે જે માત્ર સાત ચોપડી ભણ્યા છે પરંતુ એમણે જે કામ કર્યું છે તે ભલભલા ભણેલાઓ માટે પણ સરળ ન હતું. એમના કાર્યને જાણીએ એ પહેલાં એમના કાર્યક્ષેત્ર ભાલ પ્રદેશને જાણીએ.

ભાલ પ્રદેશ એટલે નપાણીયો - પછાત પ્રદેશ. નજીક દરિયો એટલે જમીનના પાણી ખારા. ચોમાસા સિવાય ખેતરમાં કઈ ઊગે નહીં. આ વિસ્તારમાં રહેતા લોકોની સમસ્યાઓ અકલ્પનીય. ગરીબી, નિરક્ષરતા, અજ્ઞાનતા અને અંધશ્રધ્ધા અપાર. તેમાંય મહિલાઓની પીડાઓ અને પ્રશ્નો તો અસહ્ય. અહીંની મહિલાઓ કે પીડિતો માથુ ઊંચું કરી જીવી શકે એવી હાલતની કલ્પના પણ મુશ્કેલ.

૧૯૮૧ માં અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ દ્વારા ભાલ પંથકમાં સામાજિક - આર્થિક પરિસ્થિતિના અભ્યાસ માટે વિધ્ધાર્થીઓનું એક ગ્રુપ આવ્યું હતું. ખૂબ અભ્યાસ કરી સૂચનો આપ્યાં પણ એનો અમલ કોણ કરે? એ માટે તો સ્થાનિક સેવાભાવી વ્યક્તિ જ જોઈએ. એ સમયે દેવુબહેન ભાણગઢ ગામમાં બાલવાડી ચલાવતા હતા અને એમને આસપાસની બહેનો સાથે સારો સંપર્ક હતો. તેઓ બહેનો સાથે ચર્ચા કરતા અને એમના પ્રશ્નો સમજતા. એ જમાનામાં કુટુંબ નિયોજન માટે પ્રજા જાગ્રત ન હતી એટલે મોટી સંખ્યામાં બાળકો હોય અને એને પરિણામે ગરીબીમાંથી લોકો બહાર ના આવે. દેવુબહેન સમજાવે પણ એકલદોકલ પ્રયાસ કેટલો સફળ થાય? પરંતુ એમના કામની સુવાસ પ્રસરી ગઈ હતી એટલે આ ગ્રુપના લોકોએ એમને ઉત્થાન સંસ્થામાં જોડી કાર્યવાહી શરૂ કરી.

દેવુબહેને આ વિસ્તારના લોકોની સમસ્યાઓ હલ કરવા પોતાનું પહેલું પગલું પાડ્યું હતું ૧૯૯૪માં. એમણે સ્થાપેલું 'માહિતી ટ્રસ્ટ' આશાનું એક કિરણ લઈને આવ્યું જેણે એવા સમાજની કલ્પના કરી કે જે સમાજ દમન વિહોણો, ભેદભાવ વિનાનો અને વંચિત સમુદાયના જીવન ધોરણને સુધારી અને સ્વાવલંબી બનાવવા સક્ષમ હોય, અન્યાયી માળખાને નેસ્તનાબૂદ કરી સહુને સન્માનથી જીવવાની તક આપે. એ સમયે મહિલાઓને કેન્દ્રમાં રાખી સમાજનો સર્વાંગી વિકાસ કરવાની કલ્પના કરવી એ નાની સૂની વાત ન હતી. 'માહિતી ટ્રસ્ટ' વિચાર કરીને અટક્યું નહીં પરંતુ એમણે એક પછી એક એવાં કામો કર્યાં કે જેને કારણે ત્રણ દાયકામાં આ વિસ્તારમાં ખૂબ પરિવર્તન આવ્યું. માહિતી ટ્રસ્ટના સીઇઓ દિનેશ પંડ્યા કહે છે : ''અહીં ખારી - ભાંભરી જમીન, પીવાના પાણીની અછત, ખારા ભૂગર્ભ જળ, સંસાધનોની મર્યાદાઓ, આજીવિકાની ઓછી તકો, ઓછી ખેત પેદાશ અને જમીનદારો દ્વારા શોષણ ખૂબ. આવી વિકટ ભૂમિમાં સામાજિક અને આર્થિક પરિવર્તન લાવવાનું બીડું અમે ઝડપ્યું હતું. અમને ખબર હતી કે અમારો માર્ગ મુશ્કેલ છે પરંતુ અમારા મક્કમ નિર્ધાર અને લોકોના સહયોગથી અમારું કાર્યક્ષેત્ર વિસ્તરતું રહ્યું છે. આજે અમે અમદાવાદ, ભાવનગર, બોટાદ અને પાટણ જિલ્લાના ૧૮૮ ગામોમાં કાર્ય કરી રહ્યા છીએ. સ્થાનિક સંસાધનોને વિકસાવી લોકશક્તિને સક્ષમ બનાવવાનો અમારો પ્રયાસ રહ્યો છે.

પીવાના પાણીની સમસ્યા ઉપર અમે પહેલું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અહીંની જમીનમાં ગમે તેટલાં ઊંડા ખોદાણ કરો પણ તમને પત્થર ના મળે. પુરાણ થયેલો વિસ્તાર એટલે જમીનમાં થોડા ફૂટ ખોદો કે ખારું પાણી મળે. અમે રાજ્ય સરકાર, ગુજરાત વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ સાથે ભાગીદારી કરી વરસાદી પાણી સંગ્રહ કરવાના પ્લાસ્ટિક લાઈનિંગ વાળા ૨૧ તળાવ બનાવડાવ્યા જેનાથી ૪૫૦૦૦ જેટલાં કુટુંબોને પીવાના પાણીની સુવિધા મળી છે. તદુપરાંત ૧૦૦૦૦ થી વધુ કુટુંબોને ઘર આંગણે પાણી સાચવી શકાય એ માટે ખાસ નેવાના વરસાદી પાણી સંગ્રહ કરવાના ટાંકા બનાવી આપ્યાં છે. સરકારી યોજનામાં ગરીબી રેખા નીચે હોય તેમને ૭૦% ખર્ચ સરકાર આપે ૩૦% લાભાર્થીએ આપવાના અને બાકીના વર્ગને ૫૦% ૫૦% આપવાના હતાં. લોકો માટે આ પાણી બહુ મૂલ્યવાન એટલે બહારગામ જાય તો તાળાં મારીને જાય. આજે પાણીના નળ આવ્યાં છે પણ પાણી રોજ ન મળે બે ચાર દિવસે જે તે ફળિયાનો વારો આવે ત્યારે પાણી મળે.

અહીં પાણીની સમસ્યા એટલે ખેત પાક ઓછા, મોટો ભાગ મજૂરી કરી જીવે અને સદાય એનો હાથ ખેંચમા હોય. ન છૂટકે દેવું કરવું પડે અને દેવું લેવા જમીન કે ઘર ગીરવે મૂકે. માથાભારે શાહુકારો વ્યાજ ઉપર વ્યાજ ચઢાવે અને છેવટે એની મિલકત પડાવી લે. આ પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવવા અમે મહિલાઓની બચત બેન્ક શરૂ કરાવી. અમદાવાદ જિલ્લામાં ભાલ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી શરૂ કરી જેમાં ધોલેરા, ધંધુકા, બરવાળા અને ધોળકા તાલુકામાંથી ૬૫૦૦થી વધુ ગ્રામીણ ગરીબ બહેનો આ મંડળીની સભ્ય બની છે. આ ઉપરાંત ભાવનગર, શિહોર અને વલ્લભીપુરમાં ભાલ મહિલા જાગૃતિ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી બનાવી છે જેમાં ૪૫૦૦ થી વધુ ગ્રામીણ ગરીબ મહિલા સભાસદો છે. આમ કૂલ ૫૪૬ વુમન્સ સેવિંગ અને ક્રેડિટ ગ્રુપ બન્યાં છે. જેના ૧૧૭૦૦થી વધુ સભાસદો છે. આ પ્રાદેશિક મહિલા બેન્કમાંથી મહિલાઓ પોતાના આરોગ્ય, શિક્ષણ, સામાજિક પ્રસંગો સાચવવા કે દેવું દૂર કરવા કે નવો ધંધો શરૂ કરવા ધિરાણ લે છે. આટલાં માત્રથી એ શાહુકારોના દમનમાથી મુક્તિ અનુભવે છે. શરૂઆતમાં બહેનો બે પાંચ રૂપિયા બચાવતી પરંતુ આજે ઘણી બહેનો ૧૦૦-૫૦૦ સુધીની બચત કરી જમા કરાવે છે."

અંતરિયાળ ગામોમાં આજે પણ દવાખાના ના મળે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી) મા જવું હોય તો રૂ. ૧૦૦-૨૦૦ ભાડામાં ખર્ચાઈ જાય અને ખાનગીમાં જાય તો વધારાના રૂ. ૩૦૦-૪૦૦ નો ખર્ચ થાય. આ પરિસ્થિતિમાંથી મુક્તિ માટે ટ્રસ્ટે સ્થાનિક બહેનોને તાલીમ આપી નાની નાની બીમારીઓની સમજણ આપી મેડીકલ કીટ અને તાલીમ આપેલ છે જેથી દર્દીઓને દૂર સુધી જવું ના પડે. દાઈ બહેનોને તાલીમ આપી સલામત પ્રસૂતિ કેમ કરાવવી એ શિખવાડાય છે. ૧૦૫ થી વધુ દાઈ બહેનો તાલીમ લઈ અંતરિયાળ ગામોમાં કામ કરે છે. એમાંની ઘણી બહેનો આજે આશા વર્કર તરીકે પણ કામ કરે છે.

ગામડાઓમાં લોકોને સરકારી યોજનાઓની માહિતી નથી હોતી એટલે એ લોકો લાભ લઈ શકતા નથી. ટ્રસ્ટ જન-જાગૃતિ સાથે સરકારી યોજનાઓના અરજી ફોર્મ ભરી આપે છે એટલે લોકોને સરકારી યોજનાઓનો લાભો મળે છે. વધારામાં ટ્રસ્ટના કાર્યકર્તાઓ ઓર્ગેનિક ખેતી માટે ગામે ગામ જઈ લોકોને જાગૃત કરે છે, દેશી ખાતર અને બિનરાસાયણિક દવાઓ કેવી રીતે બનાવવી એ શીખવાડે છે. જેને પરિણામે આજે ભાલ વિસ્તારમાં ૨૦૦૦ ખેડૂતો સજીવ ખેતી સાથે જોડાયા છે અને અપેડા સંસ્થામાં તેમની નોંધણી પણ કરાવેલ છે. ટ્રસ્ટે આ ખેડૂતોને ગુજરાત સરકારશ્રી સજીવ ખેતી નીતિ ૨૦૧૫ હેઠળ હેક્ટર દીઠ રૂપિયા ૫૦૦૦/- સહાય અપાવેલ છે.

આવા વિકટ વિસ્તારમાં માનવજીવનને સક્ષમ અને સર્વાંગી રીતે વિકસિત કરવાના માહિતી ટ્રસ્ટના પ્રયાસો પ્રશંશનીય અને બેનમૂન છે.

**સંપર્ક : દિનેશભાઇ પંડયા - ૯૫૫૮૮ ૦૩૯૦૨**